**રાજ્યમાં વધુ ૩૦૮ નવા કેસ : અમદાવાદમાં ૨૩૪ : ગાંધીનગરમાં ૩**

**ડગમગતો પગ રાખ સ્થિર મુજ, દૂર નજર છો ન જાય; દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય, મારે એક ડગલું બસ થાય**


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૫૦ | ૩૦ એપ્રિલ, ૨૦૨૦, ગુરૂવાર; વૈશાખ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


**મહામારીનું મહાસંકટ**

# હવે દેશમાં દર કલાકે ત્રણના મોત

**છેલ્લા ૨૪ કલાકમાં ૭૩ના મોત અને ૧૮૭૯ના નવા પોઝિટિવ કેસ**

**દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૩૧,૦૦૦ને પાર અને કુલ મૃત્યુઆંક ૧,૦૦૦થી વધુ, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૪૦૦થી વધુ લોકોના મોત નિપજ્યા, ૭૬૯૬ લોકો કોરોના મુક્ત : ભારતમાં સૌથી પહેલો સંક્રમિત કેસ જ્યાંથી મળ્યો તે કેરળમાં ૭૪% અને હરિયાણામાં ૭૩% દર્દી સાજા થયા**



ન્યુ દિલ્હી,તા.૨૯

દુનિયા આખીમાં ભારે હાહાકાર મચાવનાર કોરોના વાયરસને રોકવા ભારતમાં ૩ મે પછી વધુ એક લોકડાઉનની જાહેરાત વચ્ચે દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૭૩ દર્દીઓના મોત થયા છે. નવા ૧૮૯૩ કેસો નોંધાયા છે. ભારતમાં હવે કોરોના સંક્રમણના કેસો વધીને ૩૧૩૩૨ થઈ ગયા છે. મહારાષ્ટ્રમાં ૯૩૧૮ જ્યારે તમિલનાડુમાં ૨૦૫૮ કોરોનાના દર્દી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે કુલ કેસોમાંથી ૨૨૬૨૯ સક્રિય કેસ છે જ્યારે ૭૬૯૬ લોકો સ્વસ્થ થયા છે. કુલ મોતનો આંકડો ૧૦૦૭ પર પહોંચી ગયો છે. કોરોના વાયરસને જોતા હાલ દેશમાં ૩ મે સુધી લૉકડાઉન લંબાવવામાં આવ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયે એમ પણ જાહેર કર્યું છે કે કોરોનાના દર્દીઓના સાજા થવાની ટકાવારી ૨૩ ટકા થઈ, ૧૭ દિવસથી ૨૮ જિલ્લામાં એક પણ કેસ નથી.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૧ હજાર ૫૮૭ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૩ મોત અને ૧૮૯૭ નવા કેસ સામે આવ્યા છે. ભારતમાં મોતના કેસોમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે. બુધવારે પશ્ચિમ બંગાળમાં ૨૮, રાજસ્થાનમાં ૧૯ અને ઓરિસ્સામાં ૧ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# દિગ્ગજ અભિનેતા ઈરફાન ખાનનું ૫૪ વર્ષની વયે નિધન

**બોલિવુડ અભિનેતાના નિધનથી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં શોકનો માહોલ છવાયો**

મુંબઈ,તા.૨૯

બોલિવૂડ એક્ટર ઈરફાન ખાનનું બુધવારે દુખદ અવસાન થયું છે. અભિનેતા ઈરફાન ખાનને મંગળવારે પેટમાં ચેપ બાદ તેને શહેરની એક હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. મંગળવારે આ માહિતી આપતાં તેમના પ્રવક્તાએ કહ્યું કે ૫૪ વર્ષીય અભિનેતાને કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ખાનના કેન્સરની સારવાર ૨૦૧૮ માં થઈ હતી. દિગ્દર્શક શૂજિત સરકારે ઈરફાન ખાનના મોતની જાણ આપી છે. તેણે ટ્વિટ કરીને લખ્યું- મારો પ્રિય મિત્ર ઈરફાન. તમે લડ્યા અને લડ્યા અને લડ્યા મને હંમેશાં તમારા ઉપર ગર્વ રહેશે. આપણે ફરી મળીશું. સુતાપા અને બાબિલ પ્રત્યેની મારી સંવેદના. તમે પણ લડ્યા



● અનુસંધાન પાન-૭ પર

# શ્રમિકો, વિદ્યાર્થીઓને અવરજવર માટે કેન્દ્રની મંજુરી

**નોડલ ઓથોરિટીની રચના કરી આવા લોકોનું રજિસ્ટ્રેશન કરાશે : કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દેશના અલગ અલગ જગ્યા પર ફસાયેલ પ્રવાસી મજુર, પ્રવાસીઓ, વિદ્યાર્થીઓને પોતાના વતન રાજ્ય જવાની મંજુરી આપી દેવાઈ**

નવીદિલ્હી,તા.૨૯

કેન્દ્રીય ગૃહમંત્રાલયએ દેશના અલગ અલગ જગ્યાઓ પર ફસાયેલા પ્રવાસી મજુરો, પ્રવાસીઓ, વિદ્યાર્થીઓની અવરજવરની મંજુરી આપી દીધી છે. ગૃહ મંત્રાલય તરફથી જારી આદેશમાં કહ્યું છે કે, તમામ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશો પોતાના ત્યાં ફસાયેલા લોકોને તેમના વતન રાજ્યમાં મોકલવા અને બીજા રાજ્યોમાં પોતપોતાના નાગરિકોને લાવવા માટે સ્ટેન્ડાર્ડ પ્રોટોકોલ તૈયાર કરવામાં માટે કહેવામાં

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- રાજ્યમાં પોરબંદર, જામનગર અને મોરબી જિલ્લામાં હવે એકપણ કોરોનાનો એક્ટિવ કેસ નથી. જ્યારે અમરેલી, દેવભૂમિ દ્વારકા અને જુનાગઢમાં એકપણ કેસ મળ્યો નથી.
- મમતા બેનરજીએ નિષ્ણાંતોનો મત ટાંકીને મેના અંત સુધી લોકડાઉન લંબાવવા માંગણી કરી.
- વડોદરામાં સાત પત્રકારોનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા પત્રકાર આલમમાં ભારે ચિંતા.
- કોરોના વિહોણા છતાં સિક્કીમની સરહદ ઓક્ટોબર સુધી સીલ
- કોરોના માટે તૈયાર કરેલી વિશેષ હૉસ્પિટલ ચીન બંધ કરશે
- ઉત્તરપ્રદેશમાં કોરોના વોરિયર્સ પર હુમલો કરનારને સાત વર્ષની કેદ થશે.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૯૯૧૫ |
| ગુજરાત | ૪૦૮૨ |
| દિલ્હી | ૩૩૧૪ |
| મધ્યપ્રદેશ | ૨૫૬૦ |
| રાજસ્થાન | ૨૩૯૩ |
| તામીલનાડુ | ૨૧૬૨ |

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૧૬૬૮૪૭ | ૨૧૯૬૧૧ | ૮૧૪૩૬૫ |
| ભારત | ૩૨૮૮૯ | ૧૦૭૪ | ૮૩૮૯ |
| ગુજરાત | ૪૦૮૨ | ૧૯૭ | ૫૨૭ |
| ગાંધીનગર | ૩૮ | ૦૨ | ૧૪ |

# પંજાબમાં લૉકડાઉન વધુ બે અઠવાડિયા લંબાવાશે

**ત્રીજી મેના દિવસે કર્ફ્યુ પૂર્ણ થતા પહેલા જ પંજાબની અમરિન્દરસિંહ સરકારે બે સપ્તાહ સુધી લોકડાઉન વધારવાની જાહેરાત કરી : પંજાબમાં ૩૪૨ કેસો**

ચંદીગઢ, તા.૨૯

કોરોના વાયરસની મહામારીને લઈને પંજાબ સરકારને લોકડાઉન અને કર્ફ્યુને બે સપ્તાહ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ અંગે માહિતી આપતા પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહએ કહ્યું હતું કે, લોકડાઉન દમરિયાન દરરોજ સવારે ૭ વાગ્યાથી લઈને ૧૧ વાગ્યા સુધી લોકો માટે ચાર કલાક છુટી રહેશે. આ દમરિયાન લોકો પોતાના ઘરોમાંથી બહાર નિકળી શકશે અને દુકાનો પણ ખુલી રહેશે. તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં કર્ફ્યુ અને લોકડાઉનને વધુ બે સપ્તાહ સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પંજાબ લોકડાઉનને વધારનાર પ્રથમ રાજ્ય બની ગયું છે. સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા દરમિયાન કેટલાક રાજ્યોના મુખ્યમંત્રીઓએ વડાપ્રધાનને લોકડાઉન વધારવાની માંગ કરી હતી. જો કે, કેટલાક રાજ્ય એવા પણ છે જેમણે સંપૂર્ણ લોકડાઉનની જગ્યાએ કેટલીક છુટછાટો સાથે લોકડાઉન અમલમાં રાખવા પર જોર આપ્યું હતું. એવામાં ત્રીજી મે લોકડાઉન ખતમ થવાના પહેલા જ પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહે તેને બે સપ્તાહ સુધી લંબાવવાની જાહેરાત કરી દીધી હતી.

# વ્હાઈટ હાઉસે ટ્વિટર હેન્ડલ પરથી મોદી સહિત છ ટ્વિટર હેન્ડલને અનફોલો કર્યા

વોશિંગ્ટન,તા.૨૯

કોરોના વાયરસ મહાસંકટની વચ્ચે જ્યારે યુ.એસ. હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવાની જરૂર હતી ત્યારે ભારતે આગળ આવી તેમની મદદ કરી હતી. આ વચ્ચે થોડાક દિવસ બાદ વ્હાઈટ હાઉસે સોશિયલ મીડિયા પર વડાપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત ભારતના ૬ ટ્વિટર હેન્ડલને ફોલો કરવાનું શરૂ કર્યું હતું. પરંતુ હવે થોડાક દિવસ બાદ વ્હાઈટ હાઉસે એક વખત ફરી આ દરેકને અનફોલો કરી દીધા છે.

ભારતે જ્યારે કોરોના વાયરસથી લડત માટે હાઈડ્રોક્સીક્લોરોક્વીન આપવાનો નિર્ણય લીધો તે બાદ ૧૦ એપ્રિલે વ્હાઈટ હાઉસના ટ્વિટર હેન્ડલે અનેક ભારતીય ટ્વિટર હેન્ડલને ફોલો કર્યા.

તેમા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વડાપ્રધાન કાર્યાલય, રાષ્ટ્રપતિ ભવન, અમેરિકામાં ભારતીય દૂતાવાસ અને ભારતમાં અમેરિકી દૂતાવાસને ફોલા કરવામાં આવ્યા છે. તે સિવાય ભારતમાં અમેરિકાના રાજદૂત કેન જસ્ટરને પણ ફોલો કર્યા હતા. આ દરેકની સાથે વ્હાઈટ હાઉસ દ્વારા ફોલો કરવામાં આવેલા લોકોની સંખ્યા ૧૯ થઈ ગઈ હતી. જેમા દરેક વિદેશી હેન્ડલ ભારતથી સંબંધ રાખતા હતા. હવે થોડાક દિવસ બાદ વ્હાઈટ હાઉસે ફરીથી આ દરેક ટ્વિટર હેન્ડલને અનફોલો કરી દીધા છે સોશિયલ મીડિયા પર તેને લઈને અનેક ચર્ચાઓ અને અટકળો શરૂ થઈ ગઈ છે.

## કેદારનાથના કપાટ ખૂલ્યા: પૂજારી સહિત ૧૬ લોકો હાજર રહ્યા

કેદારનાથ,તા.૨૯

કેદારનાથના કપાટ બુધવારે ખોલવામાં આવ્યા હતા. કોરોના મહામારી વચ્ચે આ પ્રથમ વખત છે જ્યારે ભક્તોની હાજરી વગર કપાટ ખુલ્યા છે. બુધવારે સવારે ૬ કલાક ૧૦ મિનિટ પર ભગવાન શ્રી કેદારનાથના કપાટ ૬ મહિના માટે સંપૂર્ણ વિશ્વની આરોગ્યતાની કામનાની સાથે ખોલી દેવામાં આવ્યા છે. વિશ્વ અને રાષ્ટ્રના કલ્યાણ માટે ભગવાન કેદારનાથની પ્રથમ પૂજા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામથી સંપન્ન થઈ હતી.


